# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


રેફ નં. તા: ૦૮/૧૨/૨૦૨૩

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ઈથોપિયાના એમ્બેસેડરે સુરતના ઉદ્યોગકારોને ફાર્માસ્યુટિકલ, ટેક્ષ્ટાઇલ, સિરામિક, એગ્રીકલ્ચર એન્ડ ફૂડ પ્રોસેસિંગ અને આઇટી ક્ષેત્રે રોકાણ કરવા માટે આવકાર્યા

## ચેમ્બર ઓફ કોમર્સ ખાતે મિશન ૮૪ અંતર્ગત ‘એકસપ્લોર આફ્રિકા’ કાર્યક્રમના ભાગ રૂપે ઇથોપિયાના એમ્બેસેડર અને લિસોથો હાઇ કમિશનના ફર્સ્ટ સેક્રેટરીએ સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો – વેપારીઓ સાથે ટ્રેડ મિટીંગ યોજાઇ

## લેસોથો એમ્બેસીના હાઈ કમિશનના ફર્સ્ટ સેક્રેટરી બોહલોઈકી તિહાકુ મોરોજેલે સુરતના ઉદ્યોગકારોને લિસોથોમાં ટ્રેડ, એક્ષપોર્ટ અને રોકાણની રહેલી વિશાળ તકો અંગે માહિતી આપી તેમના દેશમાં રોકાણ કરવા આવકાર્યા

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત ‘એકસપ્લોર આફ્રિકા’ કાર્યક્રમના ભાગ રૂપે શુક્રવાર, તા. ૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સંહતિ બિલ્ડીંગ, સરસાણા, સુરત ખાતે ઇથોપિયાના એમ્બેસેડર હીઝ એકસીલન્સી દેમેકે અત્નાફુ અને થર્ડ સેક્રેટરી મીસ સર્સે ઝેમેલક સાથે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓની ટ્રેડ મિટીંગ યોજાઇ હતી.

ઇથોપિયાના એમ્બેસેડર હીઝ એકસીલન્સી દેમેકે અત્નાફુએ જણાવ્યું હતું કે, તેમનો દેશ પોપ્યુલેશન, કન્ઝયુમર અને બાયર્સની દ્રષ્ટિએ સેકન્ડ લાર્જેસ્ટ આફ્રિકન કન્ટ્રી તરીકે ઓળખાય છે. ઇથોપિયામાં લેબર, વીજળી, પાણી

અને જમીન વ્યાજબી ભાવે મળી રહે છે, આથી તેમણે સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓને તેમના ત્યાં ઉદ્યોગો સ્થાપવા અને રોકાણ કરવા માટે અનુરોધ કર્યો હતો. ખાસ કરીને તેમણે પાંચ જેટલા સેકટરોમાં સુરતના ઉદ્યોગકારોને રોકાણ કરવાની વિનંતી કરી હતી, જેમાં ફાર્માસ્યુટિકલ, ટેક્ષ્ટાઇલ, સિરામિક, એગ્રીકલ્ચર એન્ડ ફૂડ પ્રોસેસિંગ, ફાયનાન્સ અને આઇટી સેકટરનો સમાવેશ થાય છે.

તેમનો દેશ યુરોપિયન માર્કેટમાં સેકન્ડ લાર્જેસ્ટ ફ્રુટ એક્ષ્પોર્ટર છે. તેમના ત્યાં એગ્રો પ્રોસેસિંગ અને ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીયલ પાર્ક છે. જો કે, ઇથોપિયા સૌથી વધુ પ્રાધાન્ય ફાર્માસ્યુટિકલ સેકટરને આપી રહયું છે, આથી સુરતના ઉદ્યોગકારોને તેમણે ફાર્મા ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં રોકાણ કરવા માટે આવકાર્યા હતા. તેમણે કહયું હતું કે, ઇથોપિયામાં સેકન્ડ લાર્જેસ્ટ રોકાણકારો ભારતીયો છે, આથી સુરતના ઉદ્યોગકારો સરળતાથી ત્યાં પ્રોડકશન યુનિટો સ્થાપી શકે છે. એના માટે તેમની બેંકો દ્વારા ૫૦ ટકા પ્રોજેકટ ફાયનાન્સ આપવામાં આવે છે.

તેમણે જણાવ્યું હતું કે, સુરતના ઉદ્યોગકારો અને વેપારીઓ ઇથોપિયામાં ઉત્પાદન કરી ત્યાંની ડોમેસ્ટીક અને આફ્રિકન માર્કેટમાં સરળતાથી માલ વેચી શકે છે. ઇથોપિયામાં ડોમેસ્ટીક અને આફ્રિકન માર્કેટ ઘણું મોટું છે. વિશ્વભરમાં જે કોફી પીવાય છે એનું પ્રોડકશન ઇથોપિયામાં થાય છે. ઇથોપિયા ભારતના મુંબઇ, ચેન્નાઇ અને બેંગ્લોર શહેરો સાથે એર કનેકટીવિટી ધરાવે છે. તેમના ત્યાંથી ઇન્ટરનેશનલ સસ્ટેનેબલ બિઝનેસ કરી શકાય છે. વધુમાં તેમણે ચેમ્બર ઓફ કોમર્સના નેજા હેઠળ સુરતના બિઝનેસ ડેલીગેશનને ઇથોપિયા આવવા માટે આમંત્રણ આપ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના તત્કાલિન પૂર્વ પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. મિશન ૮૪ના સીઇઓ પરેશ ભટ્ટે સમગ્ર મિટીંગનું સંચાલન કર્યું હતું. ચેમ્બરના પૂર્વ પ્રમુખ રોહિત મહેતાએ સવાલ – જવાબ સેશનનું સંચાલન કર્યું હતું. એક્ષ્પોર્ટર અને ઇન્ટરનેશનલ ટ્રેડ એડવાઇઝર એન્ડ ટ્રેઇનર અમિત મુલાણીએ ઇથોપિયા દેશમાં વ્યાપાર માટે રહેલી તકો અંગે પ્રેઝન્ટેશન કર્યું હતું. ચેમ્બરના કોર કમિટી મેમ્બર અરવિંદ બાબાવાલાએ સર્વેનો આભાર માની મિટીંગનું સમાપન કર્યું હતું.

ત્યારબાદ બપોરે ૩:૦૦ કલાકે ચેમ્બર ઓફ કોમર્સ ખાતે લેસોથો એમ્બેસીના હાઈ કમિશનના ફર્સ્ટ સેક્રેટરી બોહલોઈકી તિહાકુ મોરોજેલે અને લેસોથોના ઓનરરી કોન્સુલ જનરલ ઇન ઇન્ડિયા કિશોર વિરાણી (માલદાર)ની ઉપસ્થિતિમાં ‘એકસપ્લોર આફ્રિકા’ હેઠળ બીટુબી બિઝનેસ મિટીંગ યોજાઈ હતી.

લેસોથો એમ્બેસીના હાઈ કમિશનના ફર્સ્ટ સેક્રેટરી બોહલોઈકી તિહાકુ મોરોજેલેએ લેસોથોમાં ટ્રેડ, એક્ષ્પોર્ટ અને રોકાણની રહેલી વિશાળ તકો વિશે ઉદ્યોગકારોને માહિતી આપી હતી. તેમણે ઉદ્યોગકારોને પોતાની પ્રોડકટનું મેન્યુફેકચરીંગ કરીને લેસોથો સરકારના ન્યુનતમ નિર્યાત ટેકસ સાથે કેવી રીતે નફો મેળવી શકે છે? તે અંગે માહિતી આપી હતી.

તેમણે લેસોથોની ડાયમંડ માઇનીગ ઇન્ડસ્ટ્રી, વોટર પ્રોજેકટસ, મેન્યુફેકચરીંગ, વન સ્ટોપ રજિસ્ટ્રેશન સેન્ટર, એગ્રીકલ્ચર, ટુરિઝમ ક્ષેત્રની સાથે લેસોથો સરકાર દ્વારા રોકાણકારોને આપવામાં આવતા લાભો અંગે માહિતી આપી હતી. વધુમાં તેમણે ઉદ્યોગકારોને લિસોથોમાં રોકાણ કરવા અંગે મુંઝવતા પ્રશ્નોના જવાબો આપી તેઓને લેસોથોમાં રોકાણ કરવા આવકાર્યા હતા.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. મિશન ૮૪ના સીઈઓ પરેશ ભટ્ટે સમગ્ર મિટીંગનું સંચાલન કર્યું હતું. ચેમ્બરની કોર કમિટીના સભ્ય જમન રામોલિયા તથા સુરત સહિત દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારો અને વેપારીઓ આ મિટીગમાં ઉપસ્થિત રહયા હતા. ચેમ્બરના સભ્ય કે.બી. પીપલિયાએ સર્વેનો આભાર માની મિટીંગનું સમાપન કર્યું હતું.